અપીલ અરજી નં.૧૬૬ તા.૧–૯–૦૯/૧૦

અરજદારઃ– શ્રી મહેશભાઈ છોટુભાઈ પટેલ

સામાવાળાઃ– ડે.કમિશ્નર(સ્પે. અને જાહેર માહિતી અધિકારી (હાઉસીંગ)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :***– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેશભાઈ છોટુભાઈ પટેલની તા.૨૪–૬–૦૯ ની અરજીથી દરજી મહોલ્લો, અડાજણમાં આવેલ ગાર્ડનની બહાર જાહેર રોડ ઉપર મુકવામાં આવેલ બેંચ દૂર કરવા બાબતે તા.૩૧–૧–૦૯ તા.૧૦–૨–૦૯ તથા તા.૨૫– ૨–૦૯ ના રોજ આપવામાં આવેલ અરજી બાબતે થયેલ કાર્યવાહીની વિગત આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧–૯–૦૯ ની અપીલ અરજી નં.૧૬૬/૨૦૦૯–૧૦

શ્રી મહેશભાઈ છોટુભાઈ પટેલની તા.૨૪–૬–૦૯ ની અરજીથી દરજી મહોલ્લો, અડાજણમાં આવેલ ગાર્ડનની બહાર જાહેર રોડ ઉપર મુકવામાં આવેલ બેંચ દૂર કરવા બાબતે તા.૩૧–૧–૦૯ તા.૧૦–૨–૦૯ તથા તા.૨૫– ૨–૦૯ ના રોજ આપવામુ આવેલ અરજી બાબતે થયેલ કાર્યવાહીની વિગત આપવા બાબતે ડેપ્યુટી ઈજનેર હાઉસીંગ વિભાગના પત્ર નં.૨૭૫ તા.૭–૭–૦૯ના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧–૯–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૦૯ તા.૭–૯–૦૯ થી ડે.કમિશ્નર(સ્પે. અને જાહેર માહિતી અધિકારી (હાઉસીંગ)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી.

અરજદારની તા.૨૪–૬–૦૯ ની અરજીથી દરજી મહોલ્લો, અડાજણમાં આવેલ ગાર્ડનની બહાર જાહેર રોડ ઉપર મુકવામાં આવેલ બેંચ દૂર કરવા બાબતે તા.૩૧–૧–૦૯ તા.૧૦–૨–૦૯ તથા તા.૨૫– ૨–૦૯ ના રોજ આપવામાં આવેલ અરજી બાબતે થયેલ કાર્યવાહીની વિગત તથા સુરત મહાનગરપાલિકા ધ્વારા સને ૨૦૦૯ ની સાલમાં જાહેર રોડ રસ્તા ઉપર મુકવામાં આવેલ બેન્ચોની વિગત તથા તે કોની ભલામણથી બેન્ચો મુકવામાં આવી છે તેની વિગત તથા કોની ગ્રાન્ટમાંથી પાસ થયેલ છે તેની વિગત માંગવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારને "તા.૩૧–૧–૦૯ ,તા.૧૦–૨–૦૯ તથા તા.૨૫– ૨–૦૯ ની અરજીઓ હાઉસીંગ વિભાગમાં મળેલ છે. લોકસભાની ચૂંટણી આચાર સહિતાના અમલ બાદ જે અરજી અન્વયે બાકડા દુર કરવા સબબ આપની ફરીયાદની આપના વોર્ડ વિસ્તારના મ્યુ. સભ્યશ્રી પ્રવિણભાઈ પટેલને જાણ કરેલ છે. અને બાકડા ખસેડવાની આપની માંગણી સબબે પણ જાણ કરેલ છે. મ્યુ. સભ્યશ્રી પ્રવિણ પટેલ ધ્વારા પોતાની ગ્રાન્ટમાંથી આ વિસ્તારના રહીશોની સંમતિથી આ સ્થળે બાકડા મુકાવેલ છે અને જે યોગ્ય સ્થળે જાહેર ન્યુસન્સ ન થાય તે રીતે મુકાવેલ છે. તેવી અત્રે રજૂઆત કરેલ છે. વધુમાં આરટીઆઈ હેઠળ માંગેલ માહિતી તૈયાર કરવાની કામગીરી ચાલુ છે જે માહિતી તૈયાર થયેથી તમોને તાકીદે જાણ કરવામાં આવશે તેવી માહિતી ડે.ઈજનેર (હાઉસીંગ) તરફથી અરજદારને જણાવવામાં આવેલ છે. જેની નકલ અરજદારે અરજી સાથે બીડેલ છે. તે પછીની પૂરી માહિતી હાઉસીંગ તરફથી નહીં પૂરી પડાતા અરજદારે તા.૧–૯–૦૯ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે સદર માહિતીના પત્ર મળ્યાનો ઉલ્લેખ અપીલમાં કરેલ છે. પરંતુ પત્રમાં જણાવ્યા મુજબ જે માહિતી તૈયાર કરવાની કામગીરી ચાલુ છે તે અંગે પ્રતિભાવ મળ્યો નથી તેમજ તેવી સહી સિકકાવાળી નકલો મળેલ નથી તેવી રજૂઆત કરેલ છે. આરટીઆઈ કયદાની કલમ–૬ અને ૭ સાથે રાખીને કલમ–૬ હેઠળ અરજી કર્યેથી ઠરાવવવામાં આવે તે ફી ની ચૂકવણી કર્યેથી દિન–૩૦ માં માહિતી પૂરી પાડવી જોઈએ. અથવા તો કલમ–૮,૯ હેઠળના કારણસર ના મંજુર કરવી જોઈએ. ઠરાવેલ સમય મર્યાદામાં અરજી અંગેનો નિર્ણય લેવામાં ન આવે તો ઈન્કાર કરેલ હોવાનો જણાશે. તેમ છતાં જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને દિન૩૦ માં માહિતી પૂરી પાડયા અંગેની કોઈ વિગતો અપીલ તબકકે રજૂ કરેલ નથી. તેથી આવી માહિતી દિન–૩૦ ની સમય અવધિ બાદ વિના મૂલ્યે આપવાની થાય.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૪–૬–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી નહીં પૂરી પડાયેલ માહિતી અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા ડે.કમિશ્નર(સ્પે.) અને જાહેર માહિતી અધિકારી (હાઉસીંગ) ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯ – ૦૯

***ડે.કમિશ્નર(જન.)***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ડે.કમિશ્નર(સ્પે.) અને જાહેર માહિતી અધિકારી (હાઉસીંગ).... જાણ તથા અમલ માટે
(૨) શ્રી મહેશભાઈ છોટુભાઈ પટેલ